જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૯/૨૦૧૭ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં</u>**

**<u>આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૪૦/૧૭</u>**

## "બ્લ્યુ વ્હેલ" ગેમ રમતા બાળકને રેસ્ક્યુ કરી અટકાવતી સાયબર ક્રાઇમ સેલ, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર.

મે.પોલીસ કમિશનર શ્રી એ.કે.સિંગ નાઓએ "બ્લ્યુ વ્હેલ" ગેમ થી શિકાર બનતા બાળકોને બચાવવા માટે જરુરી એડવાઇઝરી બહાર પાડવા સારુ સુચના કરેલ જે સુચના આધારે સંયુકત પોલીસ કમિશનરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી દિપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી રાજદિપસિંહ ઝાલા નાઓના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઇમ સેલ તરફથી "બ્લ્યુ વ્હેલ" ગેમના શિકાર બનતા બાળકને બચાવવા તેમજ ગેમ રમતા અટકાવવા સારુ એક એડવાયઝરી બહાર પાડવામાં આવેલ જેમાં સોશીયલ મીડીયા પર વોચ રાખી કોણ કોણ આ ગેમ રમી રહેલ છે તે બાળકોને શોધવા અને અટકાવવા તેની જાણકારી મેળવવા સારુ સાયબર સેલ ખાતે હેલ્પલાઇન નંબર શરુ કરવામાં આવેલ છે.

સાયબર સેલ હેલ્પલાઇન નંબર પર રાજસ્થાનથી ફોન આવેલ અને જેમાં એક વાલીને પોતાના બાળક જેની ઉંમર ૧૪ વર્ષ છે અને ધોરણ- ૯ માં અભ્યાસ કરે છે. તે બ્લ્યુ વ્હેલ ગેમ રમતો હોવાની શંકા જતાં તેઓ અત્રે સાયબર ક્રાઇમ સેલના હેલ્પલાઇન નંબર પર જાણ કરેલ અને કહેલ કે બ્લ્યુ વ્હેલ ગેમમાં જે અલગ અલગ ટાસ્ક રમવામાં આવે છે તે ટાસ્ક પોતાનું બાળક રમતો હોવાના લક્ષણો જણાઇ આવેલ છે જેથી અત્રેની કચેરી સાયબર સેલ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા બાળકનું નામ સરનામું જાણેલ. જે સદર વિસ્તાર રાજસ્થાનમાં આવેલ હોય જેથી રાજસ્થાન પોલીસને આ બાબતે જાણ કરવામાં આવેલ અને રાજસ્થાન પોલીસ તાત્કાલીક બાળકના ઘરે પહોંચી ગયેલ અને અત્રેથી જાણ કરવામાં આવેલ માહિતી મુજબ તપાસ કરતાં જણાઇ આવેલ કે બાળકે અગાઉથી પોતાના શરીર ઉપર ઇજા કરેલાના ચિન્હો જોવા મળેલ જેથી તરતજ બાળકને રેસ્ક્યુ કરવામાં આવેલ અને ત્યારબાદ બાળક તેમજ તેના માતા પિતા સાથે અત્રે સાયબર ક્રાઇમ સેલની કચેરીએ આવેલ ત્યારબાદ સાયબર સેલ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ દ્વારા ભોગ બનનાર બાળકને બે દિવસ ખાનગી મનોવૈજ્ઞાનીક ડોકટર પાસેથી કાઉન્સલીંગ કરાવવામાં આવેલ છે.

સદર બાળકને આ બ્લ્યુ વ્હેલ ગેમ બાબતે પુછપરછ કરતાંબાળકે જણાવેલ કે પોતે આ ગેમ ઓનલાઇન રમતો નથી પરંતુ કોઇ પ્લેટફોર્મ પરથી બ્લ્યુ વ્હેલ ગેમના અલગ અલગ પ્રકારના ૫૦ ટાસ્કની માહિતી મેળવેલ અને બાળકને મનમાં આવે ત્યારે આ ૫૦ પ્રકાર ટાસ્કમાંથી કોઇપણ ટાસ્ક રમતો હોવાનું જણાવેલ જેથી આ બાબતે બાળકને મનોવૈજ્ઞાનીક પાસે કાઉન્સ્લીંગ કરાવવામાં આવેલ છે અને બાળક બ્લ્યુ વ્હેલ ગેમમાં આગળનું ટાસ્ક ન રમે તે બાબતે અટકાવવામાં આવેલ છે. આમ સાયબર સેલ દ્વારા ભોગ બનનાર બાળકને રેસક્યુ કરેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ







નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.